

પાલનપુર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિરના જૈન બાલમંદિર કે.આર. પરીખ બાલમંદિર અને જૈન શિશુ શાળામાં ભૂલકાઓ દ્વારા શશીવનમાં ગરબાની રમઝટ માણ્યા બાદ આજે શાળા પ્રાંગણમાં વિજયા દશમીની પણ શાનદાર ઉજવણી કરાઈ હતી. શાળાના શિક્ષકોએ પ્રાંગણમાં આઠ ફુટ ઉંચું રાવણનું પૂતળું બનાવવામાં આવ્યું હતું અને તેનું ભવ્ય આતશબાજી સાથે દહન કરવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જોષી)

# તલોદ પાલિકા દ્વારા ગાંધી જયંતિની ધામધૂમથી ઉજવણી

તલોદ, તા. ૨

તલોદ પાલિકા દ્વારા અંબાજી ચોકમાં દિવડા પ્રગટાવી ગાંધી જયંતિની ઉજવણી આરંભાઈ હતી. તમામ કાઉન્સિલરો પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલ, અધ્યક્ષ અશોકભાઈ શાહ, ઉપ પ્રમુખ ઉપેન્દ્રભાઈ ગજ્જરની હાજરીમાં તા. ૧ ઓક્ટોબર રાત્રી દિવડાથી ઝગમગાટ કરવામાં આવ્યો હતો.

તા. ૨ ઓક્ટોબરે ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી સહકારભવનના નિયામક રાઓલ સાહેબના નેતૃત્વમાં વંદેમાતરમના નારા સાથે સ્વચ્છતા અભિયાન અંબાજી ચોકમાં પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલ અધ્યક્ષ અશોકભાઈ શાહ ચિફ ઓફિસર સતિષભાઈ પટેલે ટાઉન પ્લાનીંગ ચેરમેન વિનોદભાઈ પટેલ તેમજ કાઉન્સીલરોએ ઝાડુ લઈ સફાઈ કામગીરી કરી હતી.

ગાંધી જયંતિ નિમિત્તે તલોદનગરના તમામ વોર્ડમાં કાયમી સફાઈ રાખવા ગાંધી જયંતિની પ્રતિમાએ તમામ કાઉન્સીલરોએ સપથ લીધા હતા. કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશભરમાં સફાઈ ઝુંબેશ આદરી હોવાથી તલોદ નગર પાલિકાએ સ્વચ્છતા અભિયાન અંગે અનેક પ્રવૃત્તિઓ આદરી નગરને સ્વચ્છ બનાવવા પાલિકાના તમામ કોર્પોરેટરોને શપથ લેવડાવી સ્વચ્છતા મિશનની જવાબદારી સોંપાઈ હતી.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગાંધીજીના વિચારોને સાકાર કરવા સમગ્ર દેશભરમાં સરકારી કચેરીઓ ચાલુ રાખી આજદિને સ્વચ્છતા મિશનની કામગીરી આદરાઈ હતી. જેમાં મહિલા શહેર પ્રમુખ તેમજ જિલ્લાના હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. સ્વચ્છ મિશનમાં તલોદના અગ્રણી વેહેપારી પણ જોડાયા હતા. તંત્ર દ્વારા કાયમી સ્વચ્છતા જળવાઈ રહે તેવી લોકોએ અપેક્ષા પણ તંત્ર સમક્ષ કરી હતી.



(તસવીર : જય અમીન, મોડાસા)

## મીની રાજઘાટ મહાદેવગ્રામ ખાતે ગાંધી જયંતિ ઉજવાઈ

સમગ્ર ભારતમાં ગાંધીજીની સમાધિ બે જ સ્થળે આવે છે. દિલ્હી અને મોડાસા તાલુકાના મહાદેવ ગ્રામ ખાતે મીની રાજઘાટ જ્યાં આજે ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. મોડાસાના મીની રાજઘાટ મહાદેવગ્રામ ખાતે ગાંધી જયંતિ નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં ગ્રામજનો શાળા પરિવાર, અધિકારી ગણ અને પદાધિકારી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સાંસદ દિપસિહં રાઠોડ, પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, કલેક્ટર બી.જે. ભટ્ટ, વિકાશ કમિશનર એસ.જે. ઠક્કર, આનંદ આચાર્ય વગેરે ઉપસ્થિત રહી ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સરપંચ દિનેશભાઈએ સૌનુ શાબ્દિક સ્વાગત કરી આનંદની લાગણી અનુભવી હતી, સલીમ શેખ, અરવિંદ ગજ્જર, ડૉ. જીગ્નેશ સુથારે સ્વરચિત ગાંધી કાવ્યોનું પઠન કરી સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે મારૂતિ વિકાસ મંડળના પ્રમુખ નિલેશ જોષી, એ.પી. ઝાલા, ગૌરાંગ શરણ સ્વામી, ભરતભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન ધર્મેન્દ્ર ત્રિવેદી અને પ્રવિણ પરમારે કર્યું હતું.

# ધાનેરાના આલવાડા ગામે પાંચ વર્ષની બાળકી પર સગા કાકાએ બળાત્કાર ગુજારી તેની હત્યા કરી

ધાનેરા, તા. ૨

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના આલવાડા ગામે પાંચ વર્ષની બાળકી પર બળાત્કાર બાદ તેની હત્યાની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

ધાનેરાના આલવાડા ગામમાં રહેતી એક પાંચ વર્ષની બાળાને તેનાજ કાકા નવરાત્રિમાં ગરબા જોવા લઈ ગયો હતો અને મોડી રાત્રે તેના પર કામવાસના ભડકતા ફુલ જેવી માસુમ સગી ભત્રીજી સાથે દુષ્કર્મ કરી તેની ઘાતકી હત્યા કરી તેના ઘર પાછળ ફેંકી નાસી છૂટયો હતો. પરિવારજનોએ મોડી રાત સુધી બાળકીની શોધખોળ કરી હતી બાદમાં આ બાળકીનો મૃતદેહ ઘર પાછળથી મળી આવ્યો હતો આથી પરિવારજનોએ મૃતક બાળકીના કાકા બળાત્કારી શખ્સ સરદાર સામે પોલીસ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે ચોમેર ફીટકાર વરસી રહ્યો છે.

# તલોદ કોલેજમાં સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૨

તલોદની એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજમાં રાજ્ય સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન-દિલ્હીના સૂચિતાર્થ પ્રમાણે 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત કોલેજ કેમ્પસની સફાઈનો કાર્યક્રમ યોજાયો હતો.

'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત એક પખવાડીક કાર્યક્રમને ખુલ્લો મુકતા પ્રિ. ડૉ. જે.સી. પટેલે જણાવ્યું હતું કે, અન્ય દેશોની તુલનામાં ભારત દેશની સંસ્કૃતિ સૌથી જૂની અને મહાન છે. પરંતુ અન્ય દેશોની તુલનામાં આપણો દેશ શિસ્ત પાલન અને સ્વચ્છતાની બાબતમાં અત્યંત દુર્બળ અને પાછળ છે, માટે આઝાદીના આટલા વર્ષ પછી સરકારને અને તેની એજન્સીઓને આ ઝુંબેશ ચલાવવાની નૈતિક ફરજ પડી છે. ત્યારે આપણે સૌ મન, હૃદયની સ્વચ્છતા સાથે આપણી આસપાસનાં જાહેર તેમજ ખાનગી ક્ષેત્રોની સ્વચ્છતા જાળવવામાં સહભાગી બનીએ અને સ્વચ્છ ગુજરાતના નારાને બુલંદ કરીએ.

આ કાર્યક્રમમાં એન.સી.સી., એન.એસ.એસ. (રાષ્ટ્રીય સંવા યોજના) સ્પોર્ટ્સ અને અન્ય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં રેલી સ્વરૂપમાં જોડાઈને પખવાડિક જુદા જુદા સ્થળોની સફાઈ કામગીરી હાથ ધરી જનતામાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કર્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ડૉ. કે.એમ. ડીંડોર, કેપ્ટન પ્રો. એમ. બી. પટેલ અને ડૉ. કરૂણાબેન કુમાવતે હાથ ધર્યું હતું. આભારવિધિ પ્રા. પારૂલબેન માધુએ કરી હતી.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ગાંધી જયંતિ નિમિત્તે ડીસા શહેરમાં શરૂ કરાયેલ સ્વચ્છ ભારત અભિયાન સરકારી અધિકારીઓ માટે સફાઈને બદલે માત્ર પ્રસિધ્ધ માટેનું અભિયાન બની રહ્યું હતું અને સરકારના ઉમદા અભિયાનની પ્રસિધ્ધિ ભૂખ્યા અધિકારીઓ અને જવાબદારોએ પથારી ફેરવી દીધી હતી. કાયમીથી સાફઈના આગ્રહી રહેલા વડાપ્રધાન મોદીએ કાયમથી ગાંધી જયંતિથી સ્વચ્છ ભારત અભિયાનને પ્રારંભ કર્યો છે જેમાં કેન્દ્ર અને રાજય સરકારના લાખો કર્મચારીઓ જોડાયા છે. પરંતુ ડીસા શહેરમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત હાથ ધરાયે સફાઈ અભિયાનમાં અધિકારીઓને સફાઈના બદલે ફોટા પડાવવામાં જ વધુ રસ હોવાનું જણાયું હતું સફાઈ અભિયાન અંતર્ગત પાલિકા દ્વારા માત્ર મુખ્યમાર્ગોની સફાઈ હાથ ધરવામાં આવી હતી. જયારે ગંદકીમાં ગરકાવ બનેલા અન્ય વિસ્તારો તંત્રની ધ્યાને પણ આવ્યા ન હોતા. શહેરના સ્લમ વિસ્તાર જેવા કે શિવનગર, રાજપુત, ગવાડી, રેલ્વે સ્ટેશનમાં, રાજપુર લોધાવાસ, નવાવાસ મીરા મહોલ્લા, રીજમેન્ટ સહિતના વિસ્તારોમાં કયારેય સફાઈ થતી નથી. આ વિસ્તારોમાં આજે પણ ગંદકીમાં ગરકાવ બનેલા છે. પાલિકાના સફાઈ કર્મીઓ દ્વારા પણ આ બાબતે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. ડીસા પાલિકા દ્વારા શરૂ કરવામાં આવે છે. સફાઈ અભિયાન માત્ર નાટક સાબિત થયુ હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું. આ બાબતે નિકળેલી રેલી દરમ્યાન કોઈપણ જગ્યાએ સફાઈ થતીનથી રેલીમાં સફાઈના વાહનો જોડી પાલિકાના ડીઝલનો વ્યવ કર્યો હતો. અને સમય પણ બગાડયો હતો. જયારે ગંદકીમાં ગરકાવ બનેલા વિસ્તારમાં પ્રત્યે છે. દુર્લક્ષ સેવવામાં આવ્યું હતું. લોકોમાં થતી ચર્ચાતી વાતો મુજબ આવા અભિયાનોથી સ્વચ્છ ભારતનું સ્વપ્ન સ્થાપિત નહી પરંતુ સફાઈ બાબતે લોકોના વિચાર બદલવામાં આવે, સરકારી કાયદા કડક બનાવવામાં આવે અને સફાઈના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાર્થક થાય તેમ છે.

# નવરાત્રિ ઉત્સવમાં ખેલૈયાઓ હવે સંપૂર્ણપણે મસ્તીના મૂડમાં

અમદાવાદ,તા. ૨

શહેરના જુદા જુદા વિસ્તારમાં હાલમાં નવરાત્રિ ઉત્સવનો દોર જારી છે. તમામ જગ્યાએ મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી રહ્યા છે. નવરાત્રિ ઉત્સવ અંતિમ તબક્કામાં છે ત્યારે એસજી હાઈવે હાઈવે ઉપરની ક્લબો અને પાર્ટી પ્લોટ હાઉસફુલ દેખાઈ રહ્યા છે. એસજી હાઈવે ખાતે બીગબજારની પાછળ ઓલ્ડ ચોકીદાની ખાતે આયોજિત નવલી નવરાત્રિ ઉત્સવમાં ઘણા મુખ્ય આકર્ષણ જોવા મળી રહ્યા છે. અહીં જુદા જુદા ગ્રુપમાં આવેલા ખેલૈયાઓમાં ઘણા કોરિયોગ્રાફર પણ નજરે પડી રહ્યા છે. આ કોરિયોગ્રાફર છેલ્લા ઘણા દિવસથી તૈયારીમાં વ્યસ્ત હતા અને પોતાની ટીમને તૈયાર કરી રહ્યા હતા. ચોકી દાની પાર્ટી પ્લોટ ખાતે હાઉસફુલની સ્થિતિ જોવા મળી રહી છે. નવરાત્રિ ઉત્સવ અંતિમ તબક્કામાં છે ત્યારે તમામ ગ્રાઉન્ડ હાઉસફુલ નજરે પડી રહ્યા છે. આ ઉપરાંત જુદી જુદી ચીજવસ્તુઓના સ્ટોલ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. મોડી રાત સુધી ગરબાની ધૂમ જામી રહી છે. છેલ્લા બે દિવસ હોવાથી હવે અંતિમ તબક્કામાં નવરાત્રિ ઉત્સવ છે ત્યારે ખેલૈયાઓ અને સંપૂર્ણપણે માણી લેવાના મુડમાં છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા નગરપાલીકા દ્વારા સરદાર ચોકમાં ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત લાંબાગાળાના સ્વચ્છતા મિશનની સંયુક્ત સચિવ, સામાન્ય વહીવટ-પી.આઈ. સુથાર અને અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક કુલદીપ ગોયલ દ્વારા સફાઈ સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવાવવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત કર્મચારીઓને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત સિનિયર સફાઈ કામદાર, શ્રેષ્ઠ મહિલા સફાઈ કામદારનું સન્માન કરવામાં આવ્યું હતું. તથા સફાઈ કર્મચારીઓને સફાઈ કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે બજાર સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ વિનોદભાઈ પટેલ પ્રાંત ઓફીસર પી.એસ. પ્રજાપતિ, મામલતદાર એચ.એન. મોદી, ચીફ ઓફીસર હરીશ અગ્રવાલ સહિત નગરપાલિકાના સદસ્યો, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુવતીઓની સલામતી માટે બાઉન્સરો પણ તૈનાત થયા

અમદાવાદ,તા. ૨

અમદાવાદ શહેરમાં નવરાત્રિ ઉત્સવ જારી છે ત્યારે પ્રવર્તમાન સમયને ધ્યાનમાં લઇને ઘણા વાલીઓ પોતાના બાળકોની સુરક્ષા માટે પણ સાવધાન થયેલા છે. દેશભરમાં બનતા બનાવોને ધ્યાનમાં લઇને ઘણા વાલીઓ બાળકોની સુરક્ષા માટે બાઉન્સરોને પણ રોકી ચુક્યા છે. ખાસ કરીને પુત્રીઓની સુરક્ષા માટે આ પગલા લેવામાં આવ્યા છે.

ગરબાના આયોજકો દ્વારા પણ કેટલીક જગ્યાએ આવા પગલા લેવામાં આવ્યા છે. મોટાભાગના પાર્ટી પ્લોટ ખાતે આ પ્રકારના બાઉન્સરો જોવા મળી શકે છે. ગરબા ઉત્સવની જગ્યા ઉપર કાળા વસ્ત્રોમાં ગેટ ઉપર જ બાઉન્સરો નજરે પડે છે. સામાન્યરીતે બાઉન્સરો સેલિબ્રિટિઓ અને બિઝનેસ મેનોની સુરક્ષા માટે હોય છે પરંતુ નવરાત્રિ દરમિયાન અન્ય લોકો પણ તેમની મદદ લે છે. અમદાવાદ શહેરમાં ત્રણ કોલેજો ખાતે પણ બાઉન્સરો ગોઠવવામાં આવ્યા છે. ગરબાના સ્થળ ઉપર તોફાની તત્વોની પ્રવૃત્તિને રોકવા માટે ખાનગી સુરક્ષા ગોઠવવામાં આવી છે. એલડી કોલેજ ખાતેના આયોજકોનું કહેવું છે કે, છેડતી અને અથડામણના કેટલાક બનાવો બન્યા છે.

કેટલીક જગ્યાઓએ ૨૫-૩૦ બાઉન્સરો પણ રોકવામાં આવ્યા છે. એચએલ કોલેજ ઓફ કોમર્સ ખાતે પણ બાઉન્સરો રોકવામાં આવ્યા છે. તેમની લાયકાતના આધાર પર આ લોકોને ચુકવણી કરવામાં આવે છે. આયોજકોનું કહેવું છે કે, તેમને દરરોજ ૮૦૦થી લઇને ૧૫૦૦ સુધી ચુકવવામાં આવે છે. ગરબા ઉત્સવ દરમિયાન યુવતીઓની સુરક્ષા ઉપર આ લોકો નજર રાખે છે. તોફાની તત્વો વારંવાર આ પ્રકારના ઉત્સવમાં ઘુસી જઇને છેડતી કરવાની વ્યાપક ફરિયાદો તાજેતરના સમયમાં ઉઠી છે જેના લીધે હવે આયોજકો પણ સાવધાન થયા છે.

## ડુંગરી ગરાસિયા સેવા સમાજની ૫મી ઓક્ટોબરે વાર્ષિક સભા મળશે

ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરની ૧૧મી વાર્ષિક સાધારણ સભા તા. ૫મી ઓક્ટોબરના રોજ બપોરે એક વાગે નગર પાલિકાભવન ડીસ્ટ્રીક્ટ કોર્ટની પાછળ સેક્ટર-૧૧ ગાંધીનગરમાં રાખવામાં આવી છે. શ્રી નામદેવ વર્સાત, પ્રમુખશ્રી, ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરે જણાવેલ છે.

## સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાવવા વસાહત મંડળની અપીલ

રાષ્ટ્રપિતા પુ. મહાત્મા ગાંધીની જન્મદિને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત છેલ્લા બે દિવસથી જિલ્લાના અધિકારીઓ ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનરશ્રી, કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારી સહીત સૌ સ્વચ્છ ભારત અભિયાનમાં નાગરિકોને જોડવા અને ખાસ કરીને મહાત્માજીના સ્મરણમાં નવરચિત ગાંધીનગર શહેરને પણ સ્વચ્છ રાખી ભારત સ્વચ્છ અભિયાનમાં નમુનેદાર શહેર બનાવવાના સંકલ્પ સાથે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ પણ આગેવાન સંગઠન અને તેના પદાધિકારીશ્રીઓ સર્વશ્રી અરૂણ બુચ, મયુર વ્યાસ, સુધીર દેસાઈએ બેઠકોના દોરમાં સહભાગી થઈ વિવિધ વસાહત મંડળો પણ આ સ્વચ્છનગર અભિયાનમાં જોડાશે અને તબક્કાવાર સેક્ટરોમાં પણ નાગરિકો સાથે રહી અભિયાન હાથ ધરવામાં સહભાગી થાય તેવી અપીલ કરવામાં આવે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦